**ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૧૨૬,**
**ટેલિગ્રામ : યુનિગુજરાત**
**ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૬૨૨૩ (પરીક્ષા નિયામક)**

# ગુજરાત યુનિવર્સિટી

**નં. પરીક્ષા/૪-અ/૪૬૦૦/૨૦૧૫**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા.૧૨-૦૨-૨૦૧૫**

**પરિપત્ર નં. : ૨૧**

આથી યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ તથા કાયદા વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યશ્રીઓને, ભવનોના અધ્યક્ષશ્રીઓને તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, આગામી એપ્રિલ-મે-૨૦૧૫ માસમાં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓના આવેદનપત્રો નીચે દર્શાવેલ તારીખ મુજબ યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવામાં આવે છે.

**યુનિવર્સિટીમાં ફોર્મ મોકલવાની તારીખ (M.A., M.Com. અને M.Sc. માટે)**

| પરીક્ષા | નિયત ફી સાથે છેલ્લી તારીખ | લેઈટ ફી રૂ. ૧૦/- સાથે છેલ્લી તારીખ) |
|---|---|---|
| સેમેસ્ટર-૨ અને ૪ | ૧૩-૩-૨૦૧૫ | ૨૦-૩-૨૦૧૫ |

**ક્રમાંક (૪) થી (૧૩) ની તમામ પરીક્ષાના પરીક્ષા ફોર્મ નિયત ફી સાથે મોકલવાની છેલ્લી તા. ૪-૩-૨૦૧૫ અને લેઈટ ફી રૂ. ૧૦/- સાથે તા. ૧૩-૩-૨૦૧૫ રાખવામાં આવેલ છે. ત્યાર બાદ કોઈ પણ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.**

**ઉપરોક્ત તારીખ મુજબ નીચેની પરીક્ષાઓના ફીનું ધોરણ રેગ્યુલર, રીપીટર માટે નીચે મુજબ રહેશે :**
**(જે પરીક્ષાની Online એન્ટ્રી કરવાની છે તે પરીક્ષાની યાદી)**

(૧) એમ.એ. સેમેસ્ટર-૨ અને ૪ (રેગ્યુલર-રીપીટર) રૂ. ૫૦૦/-
(૨) એમ.કૉમ. સેમેસ્ટર-૨ અને ૪ (રેગ્યુલર-રીપીટર) રૂ. ૫૦૦/-
(૩) એમ.એસસી. સેમેસ્ટર-૨ અને ૪ (રેગ્યુલર-રીપીટર) રૂ. ૫૦૦/-

**નીચેની પરીક્ષાઓની Online એન્ટ્રી કરવાની નથી ફક્ત ફોર્મ મોકલવાના રહેશે.**

(૪) એલએલ.એમ. સેમેસ્ટર-૧, ૨, ૩ અને ૪ (રેગ્યુલર-રીપીટર) રૂ. ૫૦૦/-
(૫) એમ.ડી.સી. સેમેસ્ટર-૨ અને ૪ રૂ. ૫૦૦/-
(૬) માસ્ટર ઑફ લેબર વેલફેર સેમેસ્ટર-૨ અને ૪ રૂ. ૨૫૦/-
(૭) એમ. એમ. સી. જે. સેમેસ્ટર-૨ અને ૪ રૂ. ૫૦૦/-
(૮) માસ્ટર ઑફ લાઈબ્રેરી ઍન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ સેમેસ્ટર-૨ અને ૪ રૂ. ૫૦૦/-
(૯) માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન સેમેસ્ટર-૨ અને ૪. રૂ. ૫૦૦/-
(૧૦) બી.એસસી. (FAD) સેમેસ્ટર-૨ ૪ અને ૬. રૂ. ૩૫૦/-
(૧૧) બી.એસસી. (Fire & Safety) સેમેસ્ટર-૨ ૪ અને ૬. રૂ. ૧૦૦૦/-
(૧૨) એમ.ફિલ. તમામ રૂ. ૫૦૦/-
(૧૩) એમ.એસ.ડબલ્યુ સેમેસ્ટર-૨ અને ૪. રૂ. ૫૦૦/-

***[P.T.O.***

૧. ઉપરોક્ત પરીક્ષાઓના ફોર્મ યુનિવર્સિટી કાઉન્ટર પરથી રૂ. ૨૫/-ની કિંમતે સંસ્થાએ મેળવી લેવાના રહેશે.

૨. પરીક્ષા ફોર્મની Online એન્ટ્રી કરી ફોર્મ તેમજ પ્રિન્ટ આઉટની બે નકલ યુનિવર્સિટી કાર્યાલયમાં નિયત તારીખમાં જમા કરાવવાની રહેશે.

૩. પરીક્ષા આવેદનપત્ર સાથે વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોની ગુણપત્રકની નકલ અવશ્ય બીડવાની રહેશે.

૪. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી રોકડેથી અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ **(ડિમાન્ડ ડ્રાફ્ટમાં CTS Code હોવો ફરજિયાત છે)** કે પે-ઓર્ડરથી હિસાબી શાખામાં જમા કરાવી તેની એક રસીદની નકલ પત્રક અને કૉલેજના ફોરવર્ડિંગ પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં આપવાનું રહેશે. **કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહિં.** ડિમાન્ડ ડ્રાફ્ટનું બેન્ક કમિશન કુલ ફીમાંથી બાદ કરીને કઢાવવાનું રહેશે. અને તે અંગેનું સ્ટેટમેન્ટ આપવાનું રહેશે.

૫. યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની રહે નહિં.

૬. અધૂરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં ફોટામાં, રજિસ્ટ્રેશન નંબરમાં કે અન્ય કોઈ બાબતની ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં.

૭. એમ.એ., એમ.કૉમ., એમ.એસસી. સેમેસ્ટર-૪નાં વિદ્યાર્થીઓ પાસેથી પદવી પ્રમાણપત્રની ફી પેટે રૂ. ૨૬૦/- લેવાના રહેશે. જે પરીક્ષા ફી સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે.

૮. યુનિવર્સિટી સ્પોર્ટસ્ ફી તથા કલ્ચરલ ફી પરીક્ષા ફી સાથે ભરવાની રહેશે અન્યથા પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**૯. કૉલેજો, વિભાગો કે અનુસ્નાતક કેન્દ્રોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને સીધા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ સોંપી મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેવી.**

**કે. ડી. વોરા**
કા. પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) તમામ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન તથા કાયદા વિદ્યાશાખાની કૉલેજોનાં આચાર્યશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ તરફ
(૨) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ,
(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ,
(૪) તમામ વિભાગીય અધિકારીઓ તરફ,
(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ,
(૬) ડાયરેક્ટરશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર,
(૭) ઈન્ફોર્મેશન સેન્ટર, ગુજ. યુનિ. અમદાવાદ-૯.